સાલ : ૫ / સિલસિલાવાર નંબર : ૫૨ / શુમારો : ૪

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

કુલ પાના - ૧૨

# الهادي
THE GUIDE

મવએઝત અને હિક્મતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ જુમાદીલ અવ્વલ ૧૪૨૯ હી., ૫-૫-૨૦૦૮

## -::: અહલુલ બૈત (અ.સ.) ની મુમેનીન પર અઝીમ નેઅમત :::-

## -::: વસીલો :::-

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં સૂરતુલ માએદામાં ફરમાવે છે કે, "અય મુમેનીન, તમેં અલ્લાહથી ડરો અને અલ્લાહને તરફ પહોંચવાને વાસ્તે વસીલાને તલબ કરો અને એના રસ્તામાં જેહાદ કરો જેથી તમેં કામિયાબ થઇ જાવ." અલ્લાહ સુબ્હાનોહુ અને રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની તસ્દીક કરનાર, ઈમાન લાવનાર, વેહદાનીયત અને નુબૂવતમાં યકીન રાખનાર મુમેનીનને અલ્લાહ તઆલાએ **(૧) તકવા (૨) વસીલા** લેવા અને **(૩) જેહાદ** કરવાનો હુકમ કીધો છે. જે શખ્સ આ ત્રણે ચીઝ ને એક સાથે લઈ ઉઠે તો તે જીતી જાશે, જન્નતી બની જાશે. આ જિસ્માની આલમમાંથી છુટીને રૂહાની આલમમાં જઈ જન્નતના બલંદ મકામમાં પહોંચી જાશે.

પણ આ જન્નતની રાહ એટલી આસાન નથી. જેમ સોનું-ચાંદી આગની શદીદ ગરમી સહેન કરે છે અને પછી પૂરી તરહ pure થઈને એક સોનાર એને ખૂબસૂરત design માં ઢાલે છે. જે એક **નાયાબ ઝૈવર**ની શિકલ ઈખ્તિયાર કરે છે અને પછી આ નાદિર-નફીસ ઝૈવર કોઈ આલીશાન શોરૂમમાં પોતાની જગા બનાવી લે છે. આ જ મુજબ ઈન્સાનને આ દુનિયાના હાદેસાત-ઈમ્તેહાનની શિદ્દત અને મહેનતની ભઠ્ઠીમાં અખ્લાક-કિરદારમાં પાકો સાફ થાવાનું છે જેની પરખ કરવી અલ્લાહની દાઅવતના હક્કના સાહબના હાથમાં છે. આ સાહબ ઈન્સાનને દીન અને શરીઅતના ઔઝારથી એક સાચા અને સાદા મુમિનની શિકલમાં ઢાલે છે. નૈક અમલ અને નૈક સમઝના ખૂબસૂરત નાયાબ હીરાઓથી એક એવો **લાજવાબ મુમિન** તૈયાર થાય છે કે, અલ્લાહતઆલા અને એના વલીની ઈનાયતના સબબ જન્નતી બાગોની વિરાસતનો હક્કદાર બને છે. આ ફિરદોસની વિરાસત વાસ્તે તકવા, વસીલો અને જેહાદ બેહદ ઝરૂરી છે.

"**તકવા**" તો બે ચીઝોનું સંગમ છે. એક છે દાઅવતે હક્કનું **સાચું ઇલ્મ** અને બીજું છે ઈલ્મની બુનિયાદ પર થયેલા **અમલે સાલેહ**. આ બેવે ચીઝ એક સાથે હોય તો જ "તકવા" ની શરત પૂરી થાય છે. હવે જન્નતની સીડી ચઢવા વાસ્તે ફક્ત તકવા કામ લાગતું નથી. તકવાને વસીલાની ઝરૂરત પડે છે. જેમ આખેરતમાં પહોંચવા વાસ્તે દુનિયા જોઈએ, અમલ કરવા વાસ્તે જિસ્મ જોઈએ, શરીઅતને પહેચાનવા વાસ્તે અકલ જોઈએ, અલ્લાહની વેહદાનીયત સાબિત કરવા વાસ્તે ઝમાનામાં એક ઈમામે આલે મોહંમદ (સ.અ.વ.વ.) જોઈએ, કુરઆનને સમઝવા વાસ્તે અહલુલ બૈત (અ.સ.) જોઈએ, નબીની માઅરેફત વાસ્તે વસી જોઈએ તેમ અલ્લાહની બારગાહમાં દોઆ-આઅમાલની મકબૂલીયત વાસ્તે આલે મોહંમદ (અ.સ.) અને આપની દાઅવતના સાહબની વલાયત સાથે "**વસીલો**" જોઈએ. તે બાદ જેહાદનો હુકમ છે. દાઅવતના સાહબની (ઈમામ યા દાઈ) વલાયત સાથે વસીલો હોય એ લાઝિમી છે પણ મુમિનના આઅમાલ ત્યાં તક મકબૂલ થાય નહીં જહાઁ તક એ "**બાતિની જેહાદ**" ન કરે. યાઅની કે દાઅવતે હક્કના દુશ્મનોથી બરાત-કત્એ તઅલ્લુક ન કરે અને બાતિલ-જૂઠા લોગોના ફિત્નાઅંગૈઝ કરતૂતો ને રદ ન કરે. દોઆતે યમાનિયાહ ફરમાવે છે કે, આ બરાત કેવી હોવી જોઈએ ? દુશ્મનાને આલે મોહંમદ (સ.અ.) થી બરાત કમ માં કમ દિલથી તો કરવી જ જોઈએ. **પણ આમાં દિલ સાથે ઝબાનથી બોલવું અને કરી બતાવવું પણ શામિલ હોવું જોઇએ.** નહીં તો વલાયત, વસીલો યા તકવા કઈ કામ લાગે નહીં.

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**જે જગા પર તમારી વાતની કદર ન થાતી હોય ત્યાં ખામોશ રહો.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***અહ્‌લુલ બૈત (અ.સ.) ની....***

દોઆને સાથે જો વસીલો સાફ નિય્યત, ખાલિસ દિલ અને નેક ઈરાદાથી દાઅવતના દરજાના સાહબ જેમકે અંબિયા, ઔસિયા, અઈમ્મત, દોઆત યા મૌલાઈઓ સલવાતુલ્લાહે અલયહિમ અજમઈન નો વસીલો ફરઝની નમાઝ બાદ યા કોઈ પણ વક્ત પર બાવુઝૂ લેવામાં આવે તો બિલાશક તે **દોઆના કલેમાત દોઆ કરનાર વાસ્તે મુફીદ સાબિત થાય છે.** લેહાઝા અહલુલ બૈત (અ.સ.) તરફથી બતાવવામાં આવેલી હર દોઆના ઈબ્તેદા અને ઈન્તેહામાં મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપની આલે અત્હરનો વસીલો શામિલ હોય છે.

વસીલાની એહમીયત અને અસર અને તેનું યકીન ઔર મઝીદ વધે તે વાસ્તે એક મુખ્તસર પણ હકીકત પર મબ્ની એક કિસ્સો દરજ કરવામાં આવે છે. એક મુખ્લિસ મુમિનભાઈના ઝિંદગીના અય્યામ ખુશી-ખુર્રમી સાથે ગુઝરતા હતા કે અચાનક એક દિન પથરીનું દરદ ઉપડું. એવું તો શદીદ દરદ હતું કે, બરદાશ્તગીની તમામ હદ તૂટી ગઈ. આ ભાઈને ચેકઅપ વાસ્તે ફૌરન દવાખાનામાં દાખિલ કરવામાં આવા. તપાસથી માલૂમ થયું કે, કિડની અને પૈશાબના રસ્તામાં (યૂરીનરી બ્લેડર) કુલ ચાર પથરી છે અને ડોક્ટરની રાય મુજબ આ સાઈઝની પથરીઓ પેશાબના ઝરીએ બાહર નીકલવી મુમ્કીન નથી. એ ભાઈ દવાઓ પર રહ્યા અને ચંદ અય્યામ સબરનો સહારો લીધો.

દોઆ મુમિનનું હથિયાર છે અને દોઆથી જ બલાઓ રદ થાય છે. આ મુમિનભાઈની પોતાની ઝબાની આ મુજબ છે, "મારી પથરીના નીકાલ વાસ્તે ડોકટરોની સલાહ મુજબ કોઈ નતીજા પર આવવાની કશ-મ-કશ ના દૌરાન મને હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) યાદ આવા. આપ મૌલાના વસીલાથી મેં અલ્લાહતઆલાની બારગાહમાં દોઆ કીધી કે, **"યા અલ્લાહ, મારા આકા કે જે નાઇબે ઇમામે હક્ક છે, મારા દાઇ છે, શફીક બાવાજી છે, આપ મૌલાના વસીલાથી આ મારી પથરીની બીમારીમાં શિફા બખશ અને દર્દ-તકલીફથી મને નજાત આપ."**

બસ, આ દોઆનું કરવું શું કે, અલ્લાહતઆલાએ મારા ઉપર રહેમત કીધી અને સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ના વસીલાથી મારી દોઆ કુબૂલ ફરમાવી. એક હફતામાં જ મારી ચારે ચાર પથરી કે જેમાં એક ૧૨mm ની હતી અને જેના નીકાલનો લેસરથી તોડવા કે ઓપરેશન કરવા સિવાય છુટકો ન્હોતો, પૈશાબના રસ્તાથી નીકલી ગઈ અને હું આ દર્દનાક બીમારીથી આઝાદ થઈ ગયો.

ઈન્નલ્લાહા યરહમો મંય યશાઓ વ યગફિરો લહુ. "અલ્લાહ જેને ચાહે તેના ઉપર રહેમત કરે, અને જેને ચાહે એની મગફેરત કરે." ★

## –::: ઈમ્દાદે ખલ્ક :::–

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ સદકા અને ખૈરાતના વાસ્તે આ મુજબ ચોખવટ કીધેલી છે. અલ્લાહતઆલાએ જે વક્ત ઝમીન પૈદા કીધી તો તે કાંપવા લાગી. પછી તેના ઉપર પહાડો બનાવા અને તે કાંપતી બંધ થઈ ગઈ. ફરિશ્તાઓએ સવાલ કીધો કે, અય રબ ! શું **પહાડ**થી ઝિયાદહ સખ્ત અને ભારી તારી મખ્લૂકમાં કોઈ બીજી ચીઝ છે ? અલ્લાહ એ ફરમાવું કે, હાઁ, તે **લોખંડ** છે જે પહાડને કાપે છે અને તેના ટુકડા કરે છે. પાછો સવાલ થયો કે, લોખંડ કરતા કોઈ ચીઝ સખ્ત છે ? અલ્લાહ એ ફરમાવું કે, હાઁ, તે **આગ** છે કે જે લોખંડને ઓગાલી દે છે. દોબારહ સવાલ થયો કે, આગ કરતા ઝિયાદહ કોઈ વધારે કૂવતવાલી ચીઝ છે ? પરવરદિગારે ફરમાવું કે, તે **પાની** છે જે તેને બુઝાવી નાંખે છે. પાછું ફરિશ્તાઓએ પૂછું કે, પાની કરતા ઝિયાદહ ઝોરાવર ચીઝ કઈ છે ? જવાબ મીલો કે, તે **હવા** છે જે પાની પર પકડ જમાવે છે અને તેને વાદલોમાં ઉડાવે છે.

અય રબ્બુલ ઉલા, હવા કરતા કોઈ કુદરતવાલી ચીઝ છે? અલ્લાહતઆલાએ ફરમાવું કે, તે એવો ઈન્સાન છે કે, જે **ખૈરના કામો** કરે, મિસ્કીનો-ગરીબોને **સદકો** આપે અને તે એવા તરીકાથી પોતાના જમણા હાથથી માલી ઈમ્દાદ કરે કે તેના ડાબા હાથને પણ ખબર ન પડે. ★

**જો અકલમંદ જાહિલોથી લડે તો તે પોતાની ઈઝ્ઝતની સલામતીની ઉમ્મીદ ન રાખે.**

## -::: એક આઅલા ઈબાદતમાં શુમાર છે :::-
## -::: ઔલાદની તાઅલીમ :::-

મક્કા મોકર્રમામાં ગારે હિરામાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ઈબાદતે ઈલાહી વાસ્તે પધારતા હતા કે, એક દિન રૂહુલ અમીન જિબ્રઈલ (અ.સ.) નૂરાની શિક્લ ઈખ્તિયાર કરીને કુરઆને કરીમની પહેલી આયત લઈને નાઝિલ થયા જેમાં **"પઢવાનું"** ફરમાન હતું. "અય મોહંમદ ! તમેં તમારા રબના નામથી પઢો", અલ્લાહતઆલા તરફથી "પઢવા" વાસ્તેનું આ તાકીદનું ફરમાન એ તરફ ઈશારો કરે છે કે, **"અય રસૂલુલ્લાહ ! ઇન્સાનને મેં જાહિલ અને લાઇલ્મ પૈદા કીધેલો છે. હવે જો એ મારા તરફ આવવા ચાહતો હોય તો એના પર લાઝિમ છે કે, મારી શરીઅતની તાઅલીમ મારા અંબિયાના ઝરીએ લે."**

અલ્લાહતઆલાની ખુશી વાસ્તે હાસિલ કીધેલી તાઅલીમ જો બરાબર હશે તો એના આઅમાલ મુકમ્મલ બની શકશે અને આખિરકાર એની આ દુનિયાની ઝિંદગી એક કામિયાબ સફર ગણાશે. જે શખ્સ એક હુશિયાર મુમિન હશે એ જાણતો હશે કે તાઅલીમ અગર જિસ્મ છે તો ઈસ્લામી અદબ અને ઈમાની તેહઝીબ એની જાન છે. હર કૌમ તાઅલીમ હાસિલ કરવા વાસ્તે ઝોરદાર મોહિમ ઉપાડે છે મગર જે જગા અલ્લાહ અને એના ઔલિયાની માઅરેફતનું ઈલ્મ નથી ત્યાં તમામ તાઅલીમ ખાક છે.

ચંદ હફતા પહેલા હમારા બચ્ચાઓની સ્કૂલોની પરિક્ષાઓ ખત્મ થઈ અને હમેં પૂરી તાકત લગાવી કે હમારૂં બચ્ચું તાઅલીમમાં તમામ કરતા આગલ હોય. પરિક્ષાઓ વાસ્તે બચ્ચાઓની તૈયારી કરાવવા હમેં તનતોડ મેહનત કીધી અને ચંદ અય્યામમાં એના ફલ પણ હમારા હાથમાં હશે. કોઈને ખાટા તો કોઈને મીઠા મીલશે. મગર જો હમેં આ વેકેશનના દિવસોમાં હમારા બચ્ચાઓને હમારા મઝહબ, હમારા દીન, કલામુલ્લાહ, દોઆઓ, હમારી ઝબાન અને બીજી માઅલૂમાતની તાઅલીમ પૂરી લગન અને પૂરા શૌક સાથે આપીશું તો આ તાઅલીમના ફલની એ બરકત અને કુદરત છે કે, હમારા બચ્ચા એની મીઠાશ વરસો વરસ તક, **અરે ! એની પૂરી ઝિંદગી અને આખેરતની ઝિંદગીમાં ચાખા કરશે.** દુનિયામાં ગર એ હયાત નહીં પણ હોય તો પણ એની ઔલાદને એની તાઅલીમનો ફૈઝ પહોંચશે. વેકેશનના આ ફરાગત, ફુરસતના વક્તમાં ફ્રી ટાઈમમાં હમેં હમારા બચ્ચાઓને મદ્રસામાં તાઅલીમ લેવા વાસ્તે તાકીદ કરીએ, જેથી વક્તનો પૂરો ફાયદો લઈ શકાય. સ્કૂલની રઝાઓમાં મદ્રસામાં બચ્ચાઓ દીની તાઅલીમને પૂરા ઝૌકો શૌક સાથે પઢી શકે એનો ખાસ ઈન્તેઝામ કરવામાં આવે છે જેમાં એક ખાસ ક્લાસ **"વેકેશન બેચ"** બનાવવામાં આવે છે જેમાં એ બચ્ચાઓને શામિલ કરવામાં આવે છે જે મદ્રસામાં રેગ્યૂલર ન આવી શકતા હોય.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **કોઇ શખ્સ પોતાની ઔલાદને અદબ શીખાવે તો એના વાસ્તે એક આઅલા સદકો કરવાથી બેહતર છે.** ઔલાદ અલ્લાહતઆલાની અઝીમ નેઅમત છે. ભલે પછી તે દિકરો હોય યા દિકરી. એમની પૈદાઈશ પર ખુશી મનાવી અલ્લાહનો શુક્ર અદા કરવો જોઈએ. ઔલાદ નૈકોકાર થાય એવી દોઆ હર વાલેદૈનના લબો પર હોવી જોઈએ. ઔલાદ ઘરની રૌનક, ખૈરો બરકત, ઝિંદગીનો સહારો અને દીનો દુનિયાની ભલાઈનો સામાન છે, નસલને આગલ વધારનાર, ખાનદાની રસ્મો રિવાજને સાચવનાર અને હમેશા વાસ્તે સદકએ જારીયાહ છે. જો ઔલાદની હકીકત આ મુજબની હોય અને અગર એને તાઅલીમો તરબીયતના પાકો સાફ લીબાસથી ઝીનત આપવામાં આવે તો અંદાઝો લગાવી શકાય છે કે, ઔલાદ માઁ-બાપની ઈઝઝતો અઝમતને કેટલી બલંદી તક લઈ જઈ શકે છે ! **આ તરહની પરવરિશ ફક્ત દુનિયાનો મામલો નથી બલ્કે દીનનો તકાઝો, આખેરતમાં નજાત અને અલ્લાહની રઝાનો વસીલો છે.**

મુમેનીન આ ચીઝ તરફ તવજ્જોહ કરે કે, ૬ વરસની ઉંમર પર પહોંચેલા બચ્ચાઓને નમાઝ પઢવાની શીખામણ આપવામાં આવે, દીની અહકામ તથા અપના આચાર-વિચારની ઠોસ સમઝ આપવામાં આવે. જે વક્ત ૧૦ વરસના થઈ જાય અને અગર નમાઝ પઢવામાં કોતાહી કરે, ગફલત કરે તો એમને મુનાસિબ સઝા આપવામાં આવે, એમાં ઢીલ ન કરે. બચ્ચાઓને નૈક આદત પર ચલાવવાનો વાલેદૈનનો નાનામાં નાનો અમલ એવા અઝીમ

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**કોઈને મઆફ કીધા પછી પછતાશો નહીં અને કોઈને સઝા કીધા પછી ઈતરાશો નહીં.**

## -::: ખૈરો નિસાઈલ આલમીન મૌ.ફાતેમા ઝહરા (અ.સ.) :::-

ફાતેમી મુમેનીન વાસ્તે અજબ ખુશનસીબી અને સઆદત છે કે, અલ્લાહતઆલાએ મુમેનીનને બલંદ મકામ નૂરાની હસ્તીઓની બરકતથી નવાઝેલા છે. પંજતને પાક (અ.સ.) ની ખાલિસ મોહબ્બત બખ્શેલી છે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલને કરીબ આ પાઁચ નૂરાની સાહબો બૈતે મોહંમદીમાં એક જ જગા પર એક જ વક્તમાં હાઝિર હોય છે. મૌ.ફાતેમા (અ.સ.) એક બૈરો હતા, સૈયેદાહ હતા. મગર પંજતને પાક (અ.સ.) માં શામિલ હતા. **આપની પાકીઝા ઝાત જન્નતના ફલનો નતીજો હતી.** લેહાઝા આપની તેમજ આપના લાડલા અઈમ્મતે તાહેરીનથી મોહબ્બત કરનાર બિલા શક જન્નતી છે. જન્નત ફાતેમી મુમિનનો શૌક રાખે છે કેમકે ફાતેમાનો મતલબ જ જહન્નમની આગથી છોડાવનારનો થાય છે. મુમિનનું નૂરાની હોવું મૌ.ફાતેમા ઝહરા (અ.સ.) ના સબબ છે જેના નૂરથી આસમાન-ઝમીન ચમકે છે. રબ્બુલ ઈઝઝતના મુમેનીન પર બેશુમાર એહસાનાત છે કે, હમને આ ફાતેમી દાઅવતના ગુલઝારમાં તાઝા નુગહત ફૂલો બનાવા અને ફાતેમી દાઈના શફકતના સાયામાં ખિલાવા.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના આખિરી વક્તમાં મૌ.ફાતેમા (અ.સ.) ઘણા રોઈ રહ્યા હતા. તો આપ નબીએ આઅઝમે ફરમાવું કે, અય મારી પ્યારી દિકરી, કેમ રોવ છો? અરઝ કીધી કે, **અય બાવાજી સાહબ ! આપના બાદ હમારી શું હાલત થાશે ?** આપે ફરમાવું કે, યા હબીબતી ! અલ્લાહતઆલાએ તમારા બાવાજીને રસૂલ બનાવા, તમારા શૌહરને વસી બનાવા, બહુકમે ખુદા એના સાથે તમારી શાદી કીધી, હમારા શહીદ મૌ.હમઝાને સૈયેદુશ શોહદા બનાવા, હમારા ફરઝંદ ઈમામ હસન અને ઈમામ હુસૈનને જન્નતના જવાનોના સરદાર બનાવા, હમારા માંથી મૌ.જાઅફરને જન્નતની પાંખોથી ઉડાવા-અત્તૈયાર કીધા, હમારા ફરઝંદો માંથી આ ઉમ્મતના મેહદી કાઈમ થાશે જે આખિર ઝમાનમાં દીનને કાઈમ કરશે અને ઝુલ્મથી ભરાયેલી ઝમીનને અદલો ઈન્સાફથી ભરી દેશે. અય મારા ફાતેમા ! આ સઘલી ફઝીલતો તમારા વાસ્તે છે અને અય મારા પ્યારા દિકરી, તમેં મારા અહલુલ બૈત માંથી તમામ કરતા પહેલા મને આવી મીલશો યાઅની મારા જાવા બાદ તમારી વફાત પણ અનકરીબ થાશે. ઝિયાદહ થી ઝિયાદહ, હું તમારો મુન્તઝિર રહીશ અને તમેં આ ઉમ્મતના બૈરાઓના સૈયેદાહ છો, સરદાર છો. આ નબવી કલામ સાંભલીને ફાતેમા ખુશ થઈ ગયા.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના એક ઝૌજાહ જે મૌ.અલી (અ.સ.) સાથે જંગ કરવા ઊંટ પર સવાર થાય છે, તે બૈરોને સવાલ થયો કે, કોણ શખ્સ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને નઝદીક ઝિયાદહ મેહબૂબ હતા ? જવાબ દીધો કે, બૈરાઓ માંથી મૌ.ફાતેમા (અ.સ.) અને મરદો માંથી મૌ.અલી (અ.સ.) !! એને પૂછવામાં આવું કે, એ કઈ તરહ ? હમેં તો એમ સાંભલું છે કે, બૈરાઓ માંથી તમેં અને મરદો માંથી તમારા બાવા રસૂલુલ્લાહથી ઝિયાદહ મેહબૂબ છો. એ બૈરો બોલા કે, **અલ્લાહુમ્મા ગફરન, અય અલ્લાહ મને મઆફ કર, તમેં મારા સાથે ઠગબાઝી ન કરો, મેં એવી ખોટી વાત તમને નહીં કરૂં. એ બને જ નહીં !** અરે, ફાતેમા તો તે છે કે, જેને વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવતા હતા કે, મારો જાન તમારા ઉપર કુરબાન, અય ફાતેમા, તમેં તો આલમીનના બૈરોના સરદાર છો. અરઝ થઈ કે, યા રસૂલુલ્લાહ, શું મૌ.મરયમ નહીં ? આપે ફરમાવું કે, "મરયમ એની કૌમના બૈરાઓના સરદાર છે અને મારા ફાતેમા તમામ આલમીન (ઉમ્મતો) ના **બૈરાઓના સૈયેદાહ** છે અને મૌ.અલી સૈયેદુલ અરબ (અરબના સરદાર) છે અને મેં **સૈયેદા વલદે આદમ** (ફરઝંદાને આદમના સરદાર) છું અને મૌ.હસન-હુસૈન **સૈયેદા શબાબે અહલિલ જન્નત** (જન્નતના જવાનોના સરદાર) છે."

મૌ.ફાતેમા (અ.સ.) ના મહાસિન અને ફઝાઈલ તરફ ઈશારો કરવા વાસ્તે આપને આ મુજબના મુબારક નામોથી યાદ કરવામાં આવે છે. ફાતેમા, ઝહરા, બતૂલ, અઝરા, સિદીકા, મુબારકા, તાહેરા, મરઝીયા, મોહદેસા, સાદેકા, મોતાહહરા વગૈરા. આપ મૌલાતોનાનું ઈસ્મે શરીફ **"ફાતેમા"** એ વાસ્તે છે કે, આપ આપના શીઆ મુખ્લેસીનને કયામતના દિન જહન્નમથી બચાવનાર છે, નજાત અપાવનાર છે. આપનું નામ મુબારક **"ઝહરા"**

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**ખરેખર સખાવત તો એ છે કે માઁગા પહેલા કરવામાં આવે.**

*(પેજ નં. ૪ નું બાકી)* **બૈરો નિસાઈલ આલમીન ....** એ વાસ્તે છે કે, આપનું નૂર અરશથી ફરશ તક તમામ જગા અયાઁ છે. આપની વિલાદતના વકત આસમાનમાં એક નૂર ચમકું, જેને ફરિશ્તાઓએ તે પહેલા જોયું ન હતું. **આપના ચેહરા મુબારક મિસ્લે કમર રોશન હતા.** જે વકત આપ મેહરાબમાં નમાઝ વાસ્તે ઉભા રહેતા તો આપનું નૂર આસમાનના લોગો વાસ્તે ચમકતું જેમ તારઓ ઝમીનના લોગો વાસ્તે ચમકે છે. આપનો લકબ "**બતૂલ**" એ વાસ્તે છે કે, આપ આપના શૌહર આલી જૌહર અલીએ અન્વરની મિસ્લ દુનિયાની રાહતોથી અલગ થઈ ખુદાની તરફ અજબ શાનથી તબત્તુલ, આહોઝારી અને ખુશૂઅ સાથે પૈશ થાતા અને એ વાસ્તે પણ છે કે, આપ આપના ઝમાનના તમામ બૈરોથી ફઝલમાં, શરફમાં, ઝોહાદતમાં અને હસબમાં "**અદીમુલ મિસાલ**" યાઅની બેમિસાલ હતા. ફાતેમા (અ.સ.) ઈન્સાની શિકલો સૂરતમાં હતા મગર આપ હુરૂલઈનની સિફતના બીબી હતા. તેથી આપને અલ-ઈન્સીયતુલ હૂરા પણ કહેવામાં આવે છે. હૂરૂલઈનની સિફત એ છે કે, એ હૈઝ અને નિફાસથી પાક હોય છે જેમ અલ્લાહતઆલા ફરમાવે છે કે, આ હૂરૂલઈન એવા છે કે જન્નતીઓ માંથી ન તો ઈન્સે ન કોઈ જિન્ને તેઓને હાથ લગાડો હશે. આ જ મુજબ મૌ.ફાતેમા બૈરોને આવતી જિસ્માની તકલીફથી પાકો સાફ હતા. આલમે ઈસ્લામના હર ફિરકા આ વાત પર ઈત્તેફાક કરે છે જે મૌ.ફાતેમા (અ.સ.) વાસ્તે અઝીમમાં અઝીમ ફઝીલત ઝાહિર કરે છે.

મૌ.ફાતેમા (અ.સ.) ની તરબીયત, તહારતો ઈફ્ફત અને ખિદમત પર થઈ. આપે ૧૮ સાલની ઝિંદગીમાં અખ્લાક અને કિરદારની એવી આઅલા મઝબૂત બૂનિયાદ મુકી જેના ઉપર **કયામત તક મુમેનીન પોતાની ઝિંદગીની કામિયાબીની તાઅમીર કરતા રહેશે.** આપ શરમો હયાના પૈકર હતા, ઈસમતની ચાદર હતા. આપની આ મિસાલી ઝિંદગીના હર ગોશામાં હર પેહલૂમાં જો મુમેનાત નઝર નાંખે તો ગીબત, બેપરદગી અને બેશરમી જેવી બદીઓથી તેઓ આઝાદ થઈ શકે છે. બૈરો પહેલા કોઈના દીકરી હોય છે, પછી ઝૌજાહ બને છે, પછી માઁ બને છે. આ ત્રણે કિરદાર આપ મૌલાતોના (અ.સ.) એ બાખૂબી નીભાવા અને આ રિશ્તાઓને મોહબ્બત અને ઈખ્લાસની ચાશનીથી ભરી દીધા. આજના વક્તમાં હમને આપ સૈયેદાહ મૌ. ફાતેમા (અ.સ.) ની હયાતે તૈયેબાહથી સબકઆમોઝ થાવું જાઈએ કે, હમેં હમારા હર રિશ્તાને બરકરાર રાખવા વાસ્તે તેને સબર, મોહબ્બત અને ખિદમતના જવાહિરથી સઁવારીએ, સીંચીએ અને સાચવીએ. ★

**માલ તો તમારા હોવા યા ન હોવા પર તમારા લોગો દરમિયાન તકસીમ થઈ જાશે. અને ઈલ્મ તો તમારા હર અમલને મઝબૂત કરે છે અને જન્નત તરફ લઈ જાવાનો સબબ બને છે.**


## -::: ઝાહેર ખબર :::-

અમારે ત્યાં ડી.એક્સ.એન કંપનીની વસ્તુઓ, કોકોઝી, કોફી તથા બગાસરાની વસ્તુઓ, કોસ્મેટીક અને ઈમીટેશનની વસ્તુઓ મીલશે.

**સકીના એ. રંગવાલા** **આમેના એન. ફેન્સીવાલા**

મો.: ૯૮૯૮૩ ૮૨૯૭૨

વાડી, બદરી મોહલ્લા, વડોદરા - ૧૭. ★

❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋

અમારે ત્યાં કોટન, પંજાબી સુટ, પડદા, નેપકીન, ચાદરો ના જોટા, નમાઝી કપડાં, રિદામાં પહેરવાની ટી શર્ટ તેમજ બગાસરાની બધી વસ્તુઓ વ્યાજબી ભાવે મીલશે.

**તરન્નુમ બી. નડીયાદી** **જેનબ ટી. નડીયાદી**

મો.: ૯૩૭૪૫૧૧૭૭૬

એ-૬, બોરસલી એપાર્ટમેન્ટ, આજવા રોડ, વડોદરા - ૧૯. ★

❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋

**ન્યુ સૌંદર્ય જવેલર્સ (રિયાઝભાઈ)**

જુના સોના-ચાંદી, નંગ, મોતીના દાગીના,
તેમજ જુની ઝરી-તાર કસબની સાડીઓ લેનાર,
વેચનાર, બનાવનાર.

માંડવી સર્કલ પાસે, ગેંડીગેટ રોડ, વડોદરા - ૧૭.

મો.: ૯૮૨૪૯૪૮૭૪૬. ★

❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋❋

# -::: મદીનતુલ મસાઈલ :::-

## -::: ઝિયારતે કબર :::-

**સવાલ (૧) : કબરની ઝિયારત વાસ્તે શું ફરમાન છે ?**

**જવાબ :** કબરની ઝિયારત શરીઅતે ઈસ્લામમાં સાબિત અને જાઈઝ છે. ઝિયારતનો મતલબ કોઈની મુલાકાત કરવાનો થાય છે. સહી મુલાકાત તે જ કહેવાય કે જેની મુલાકાત કીધી હોય તેને સાથે ગુફ્તગૂ થાય. યહાઁ કબરની ઝિયારત તે મરહૂમ અને મોતવફ્ફાની ગુનાહોની બખ્શિશ અને મગફેરત વાસ્તે હોય છે જેમાં મુલાકાત લેનાર સુરએ યાસીન, આયતુલ કુરસી અને ખત્મુલ કુરઆનની દોઆ એ મરહુમના નામના ફાતેહા સાથે પઢે. આ સિવાયની મુલાકાત બેમાઅના અને ઝાયેઅ છે.

ઝિયારત કરનાર ફક્ત કબરના આગલ ઉભો રહે અને ઈશારો કરે, જેમ ઝાહિરના લોગોની બિદઅત છે, તે ઝિયારતના કાનૂન અને તૌર તરીકા મુજબ નથી. અહલુલ બૈત (અ.સ.) ના મઝહબની તરીકત અને રૂસૂમાતે દાઅવતમાં કબરને ચુમવું, ખુશ્બૂ યા ફૂલ મુકવું, પાની છીડકવું અને કિબ્લા રૂખ થઈને મરહૂમ વાસ્તે દોઆ કરવું શામિલ છે.

**સવાલ (૨) : કબરની ઝિયારતની તારીખ શું છે ?**

**જવાબ :** અંબિયા-મુરસલીનના દૌરમાં કબરની ઝિયારતની રસમ જારી-સારી હતી. આ સબબ જ આજે પણ હ.આદમ, હ.નૂહ, હ.ઈબ્રાહીમ, હ.મૂસા, હ.હારૂન, હ.શમૂઈલ, હ.દાનિયાલ, હ.હૂદ, હ.સાલેહ, હ.હાબીલ, હ.સુલૈમાન, હ.દાઊદ (અ.સ.) વગૈરાની કુબૂરની જગાની ઝિક્ર દાઅવતની કિતાબોમાં આવેલી છે અને આજે પણ મુમેનીન ખલીલુર રહમાન, જેરૂસલમ, મસ્જિદે અકસા અને બીજા મકામાત પર ઝિયારત વાસ્તે જાય છે. મિસિરમાં મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ના રાસ મુબારકને નઝદીક બાબુલ ફરાદીસને અંદર તમામ ફાતેમી ઈમામોની કુબૂરની મુકદસ જગા મૌજૂદ છે જેને નઝદીક ઝિયારત કરનાર ઉભા રહીને સલવાતો સલામ પઢે છે. આ સિવાય શામમાં દમિશ્કના કબ્રસ્તાનમાં અને નજફે અશરફના કબ્રસ્તાનમાં ઘણા આઅલા અસ્હાબ અને અહલે હરમે ઈમામ હુસૈન (અ.સ.) ની કુબૂર છે જે મશાહિદ આજે મશ્હૂર છે. મદીનતુલ મુનવ્વરામાં જન્નતુલ બકીઅના કબ્રસ્તાનમાં મૌ.ફાતેમા ઝહરા બિન્તે રસૂલુલ્લાહ (સ.અ.) અને પાઁચ અઈમ્મતે તાહેરીન તેમજ અહલો અકરૂબાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ચંદ કુબૂર પર રોઝા મુબારકા બનેલા હતા જેની ઝિયારત ૧૯૨૫ ઈ.સ. તક હુજ્જાજ-ઝાએરીન માથુ ટેકીને કરતા હતા. મક્કતુલ મુકર્રમાનાં જન્નતુલ મોઅલ્લાના કબ્રસ્તાનમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના બાવાજીઓ, દાદાજીઓ અને અહલની કુબૂર હતી જેની ઝિયારત ૧૯૨૫ ઈ.સ. તક ઝાએરીન ખાકે કુબૂર પર પૈશાની લગાવીને કરતા હતા. યમનની મુકદસ સરઝમીનમાં દાઅવતુલ હક્કના ૨૪ દોઆતે મુત્લેકીન સિરાજુમ મુનીરની કબરો મૌજૂદ છે જેમાં ચંદ કબરો પર શાનદાર રોઝા મુનવ્વરા બનેલા છે. તૈયેબી મુમેનીન વાસ્તે આ જગાઓ પનાહગાહ છે અને હાજતો બર લાવવાનું મરકઝ છે.

**સવાલ (૩) : કબરોની ઝિયારતની રસમ મોહંમદ (સ.અ.વ.વ.) અને આલે મોહંમદ (સ.અ.) ના ઘરાનામાં કઇ તરહ જારી-સારી હતી ?**

**જવાબ :** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નબી ના દરજા પર મબ્ઊસ થયા એ પહેલા જન્નતુલ મોઅલ્લામાં આપના જદ્દે-બુઝુર્ગવાર દાદાજી સાહબ મૌ.અબ્દુલ મુત્તલિબ તેમજ આપના રિશ્તેદારોની કુબૂરની ઝિયારત વાસ્તે જાતા હતા. ૧૦મી સાલે નુબૂવતને આમુલ હુઝનના નામથી ઓલખાય છે તેમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપના ઝૌજાહ મુતહહરાહ મૌ.ખદીજતુલ કુબરા (અ.સ.) અને આપના કાકાજી સાહબ મૌ.અબુ તાલિબ (અ.સ.) ની ઝિયારત વાસ્તે જન્નતુલ મોઅલ્લામાં પધારા હતા. આપ એક વક્ત નહીં પણ બેશુમાર વક્ત મૌ.ખદીજાહની કબર પર જઈને અશ્કબારી કરતા અને મગફેરતની દોઆ ફરમાવતા હતા.

આપ (સ.અ.વ.વ.) ના કાકીજી સાહબા મૌ.ફાતેમા બિન્તે અસદ (અ.સ.) મુમેનાત માંથી હતા. મૌ.ફાતેમા

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**તકબ્બુરી, ગુનાહે કબીર તો છે જ મગર અઝાબે જહન્નમની બુનિયાદ છે.**

*(પેજ નં. ૩ નું બાકી)* ***ઔલાદની તાઅલીમ....***

સવાબે ઈલાહીનો સબબ બને છે કે, જેનો કોઈ અંદાઝો લગાવી શકાય એમ નથી. હકીકી મુમિનની નિશાની એ જ છે કે, એ પોતાની ઔલાદની ઝિંદગીને ઈમાનના નૂરથી મુનવ્વર કરે કે જેથી એના ગુઝરી જાવા બાદ ઔલાદ એની મગફેરત વાસ્તે દોઆએ ખૈર કરીને ઔલાદ હોવાનો હક્ક અદા કરે.

હાલમાં મદ્રસએ તૈયેબીયાહના મુકમ્મલ એહતેમામ અને મઝબૂત બંદોબસ્ત વાસ્તે મદ્રસાહ કમીટીના મેમ્બરો મુમેનીન પાસેથી ચંદો જમાઅ કરીને મદ્રસાહના પૂરા નિભાવ વાસ્તે માલી આમદો રફતની ઝિમ્મેદારી બાખૂબી અંજામ આપી રહ્યા છે. આ સિવાય મદ્રસાહની તાઅલીમી અને મઝહબી તન્ઝીમ અને તરતીબ વાસ્તે સાહબે દાઅવત ઝાતી તૌર પર નઝર રાખે છે, મોહતમિમને હિદાયત દે છે, હર ક્લાસનો કોર્સ તય કરે છે, બચ્ચાઓની પઢાઈ બાબત ઝાતી પૂછપરછ કરે છે, ઉસ્તાઝો વાસ્તે દરસો તદરીસ કરે છે, બચ્ચાઓ નો કુલ્લી તૌર પર દીની તાઅલીમ મીલે તેની હર મુમ્કિન કોશિશ કરે છે. આ સાથે સાહબે દાઅવતના ઝૈરે નિગરાન **"મદ્રસાહ ઇસ્લાહ કમીટી"** ની તશ્કીલ કરવામાં આવી છે. આ કમીટીનો ઐન મકસદ એ છે કે, કમીટીના અરાકીન મદ્રસાહમાં વક્તન-ફ-વક્તન જાય અને જે મુખ્તલિફ ક્લાસોમાં તાઅલીમ આપવામાં આવે છે તે એના આપેલા કોર્સ મુજબ છે કે નહીં તે જોઈ, પઢાઈમાં કમ્ઝોર યા ગૈરહાઝર રહેતા બચ્ચાઓના સબબ ઉસ્તાઝોને પૈશ આવતી તકલીફોના હલ વાસ્તે કોશિશ કરે, અવાર-નવાર બચ્ચાઓની પઢાઈ વાસ્તે ક્લાસોમાં જઈ તફતીશ કરે, પઢાઈમાં કોઈ કમી યા કુસૂર હોય તો તે તરફ ક્લાસના ઉસ્તાઝનું ધ્યાન અપાવે અને કમીને દૂર કરવા મોહતમિમને સાથે રાખી ઉસ્તાઝને પૂરતી સમઝ પાડે, લેખિત-ઝબાની ટેસ્ટ, એસાઈન્મેન્ટ, ઈમ્તેહાનને સહી તરીકાથી તરતીબ આપવા ઉસ્તાઝ અને મુમ્તહિનને મદદરૂપ થાય. આ તમામ મકસદો સાથે આ અરાકીન, મદ્રસાહને એક બેનમૂન ઈલ્મી ઈદારો બનાવવા બચ્ચાઓ, ઉસ્તાઝો અને મોહતમિમ ને દરમિયાન મોતીના હારમાં દોરો જેમ મોતીઓને એક સાથે જોડી રાખવાનું નાઝુક પણ અહમ કામ કરે છે તેમ ઈદારાના બધા આઅઝા-હિસ્સાને જોડી રાખવાનું કામ અંજામ આપશે. ★

---

*(પેજ નં. ૬ નું બાકી)* ***મદીનતુલ મસાઈલ....***

હિજરતથી મુશર્રફ થયા અને મદીનામાં વફાત થયા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપને પોતાના કમીસનું કફન પહેરાવું અને આપની કબરમાં પહેલા ખુદ સુતા તાકે આપને કબરની તંગી થી હિફાઝત થાય. જે વક્ત રસૂલે ખુદા આપને દફન કરી ચુકા તો કબર નઝદીક બેસીને આ મુજબ ફરમાવું કે, **"ઇબ્નોકે, ઇબ્નોકે"** - પછી ફરમાવું કે, **"લા, લા"** - પછી ફરમાવું કે, **"અલી, અલી"**. આ બાબત આપ (સ.અ.વ.વ.) ને સવાલ થયો તો આપે ફરમાવું કે, ફાતેમા મારા રહીમા મુશફિકા માઁ ને ફરિશ્તાઓએ પૂછું કે, "તમારો રબ કોણ છે ?" ફાતેમાએ જવાબ આપો કે, "મોહંમદના રબ તે મારા રબ છે. પછી સવાલ થયો કે, તમારા નબી કોણ છે ? ફાતેમા બોલા કે, મોહંમદ મારા નબી છે જેની મેં પરવરિશ કીધી છે. પાછો સવાલ થયો કે, તમારા ઈમામ કોણ છે ? ફાતેમા જવાબ ન દઈ શકા, તો રસૂલેખુદાએ બતાવું કે, "ઈબ્નોકે, ઈબ્નોકે," તમારા દીકરા, તમારા દીકરા. ફાતેમાએ અકીલનું નામ લઈ લીધું, તો મેં બોલો કે, "લા, લા" નહીં. અય ફાતેમા, **"અલી, અલી. હાઁ અલી તમારા ઇમામ છે."** આપ (સ.અ.વ.વ.) આ વાકેઆ બાદ ઘણી વક્ત મૌ.ફાતેમાની ઝિયારત કરતા હતા.

જે વક્ત આપ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલનો વક્ત કરીબ થયો તો આપે અસ્હાબને ફરમાન કીધું કે, આપને આપના અહલો અકરૂબાની કુબૂર પર લઈ જાય. આપ કુબૂરને નઝદીક પધારા, ઝિયારત કીધી અને તમામ વાસ્તે દોઆ ફરમાવી. આપ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ મૌ.ફાતેમા ઝહરા (અ.સ.) બાવાજીની ફિરાકીના ગમને હલકો કરવા આપની કબર પર પધારતા, આહોઝારી કરતા અને બાવાજીની ઝિયારતથી મુશર્રફ થાતા. મૌ.ફાતેમા ઝહરા (અ.સ.) ના ઈન્તેકાલ બાદ ખુદ મૌ.અલી (અ.સ.) મૌ.ફાતેમાની કબરની ઝિયારત રાતના વક્તમાં કરતા જેથી આપની કબરની નિશાની દુશ્મનોથી ઝાહિર ન થઈ શકે. શહાદત પહેલા ઈમામ હુસૈન (અ.સ.) મદીનાથી મક્કા પધારા તે વક્ત આપે આપના નાનાજી સાહબ રસૂલેખુદા, આપના માઁ સાહબા અને આપના ભાઈ

*(બકીયાહ પેજ નં. ૧૨ પર)*

**નેક સીરત બૈરો બગૈરનું ઘર વીરાન જંગલને મુજબ છે.**

# -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે આ “લફ્ઝી કશ-મ-કશ” ની સિરિઝ દોબારહ શુરૂ કરવામાં આવે છે. જેમાં ચંદ સવાલાત આપેલા છે અને તેના જવાબ મુતાબિક ખાના મુકેલા છે. આ ખાનાઓમાં જે જગા સર્કલ દોરેલું છે તે હુરૂફનો ઈસ્તેમાલ કરી નીચે આપેલા “ફાઈનલ સવાલ” નો જવાબ તલાશ કરવાનો રહેશે.

બધા જવાબોને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો :

**સવાલો :**

(૧) લાચાર, બેબસ.

| | | ◯ | |
|---|---|---|---|

(૨) મૌ.આદમ (અ.સ.) ને જેએ સજદો ન કીધો.

| | ◯ | | |
|---|---|---|---|

(૩) ફરમાઁબરદારી, પૈરવી.

| | ◯ | | |
|---|---|---|---|

(૪) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હિજરત બાદ જેઓએ મુહાજેરીનની મદદ કીધી.

| ◯ | | | |
|---|---|---|---|

(૫) ઝુલ્મ કરનારો.

| | ◯ | |
|---|---|---|

**ફાઇનલ સવાલ :**

✯ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કાકાજી સાહબ જેના દિકરાની પરવરિશ ખુદ આપે (સ.અ.વ.વ.) કીધી.

| | | | | |
|---|---|---|---|---|

➡ **ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :**

(૧)

| (મુ) | સ | (ત) | કી | મ |
|---|---|---|---|---|

(૨)

| બા | કિ | (ર) |
|---|---|---|

(૩)

| (સિ) | ત | મ |
|---|---|---|

(૪)

| રે | હ | મા | (ન) |
|---|---|---|---|

(૫)

| (સ) | બ | ર |
|---|---|---|

**ફાઇનલ જવાબ :**

| મુ | સ | ત | ન | સિ | ર |
|---|---|---|---|---|---|

તકરીબના સહી જવાબો આપનાર :

**નાદેઅલી રજબઅલી હઝારીવાલા ★**

## -::: અઝીઝો દવા છે જિહાલતની ઈલ્મ, હુસ્નુસ સવાલ નિસ્ફુલ ઈલ્મ :::-

## આકેલાના સવાલ અડધું ઈલ્મ છે.

“અલ-હાદી” ના ગયા મહીનાના શુમારામાં જે મઝામીન (લેખો) આપવામાં આવા હતા તેમાંથી ૫ સવાલાત નીચે આપેલા છે. કારેઈનથી ઈરશાદ છે કે, આ સવાલોના જવાબો પોસ્ટ કાર્ડ પર લખી યા e-mail કરી યા રૂબરૂ આવી નીચે આપેલા હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ મી તારીખ પહેલા મોકલી આપે. જવાબો સાથે પોતાનું નામ, સરનામું અને ફોન (હોય તો) સાફ સુથરા હુરૂફમાં લખે. ૨૦ મી તારીખે હમેં તમામ જવાબ આપનારમાંથી તેનો જ ઈન્તેખાબ કરીશું જેના **કમમાં કમ ૪ જવાબો** સાચા હશે. તે બાદ ડ્રો થાશે અને જે ખુશકિસ્મત નું નામ તેમાં નીકલશે તેનું નામ હમેં ઈન્શાઅલ્લાહ “અલ-હાદી” ના આવતા મહીનાના શુમારામાં સહીહ જવાબો સાથે ઝાહિર કરીશું. તો બિસ્મિલ્લાહ બોલો, કલમ ઉઠાવો, યકીન સાથે જલ્દીથી જવાબો લખી મોકલી આપો :

(૧) મૌ.આમિર (અ.સ.) ની તારીખે શહાદત કઈ છે ?
(૨) બાલોને કલર કરવાથી શું થાય છે ?
(૩) જિહાદત દૂર કરવાની કઈ દવા છે ?
(૪) હઝાર નેઅમત કરતા બેહતર શું છે ?
(૫) “તૈયેબ” લફ્ઝના અદદ કેટલા થાય છે ?

**ગયા શુમારાના સહી જવાબો આપનાર : મઝહરઅલી એમ. કાઁચવાલા.**

**ગયા શુમારાના જવાબો :**

(૧) જે શખ્સ મસ્જિદમાં દુનિયાની વાતો કરશે. (૨) ખૂન અને માલ. (૩) સૈ.અબ્બાસ બિન સૈ.મોહંમદ (ક.રૂ.) (૪) બગીચો (૫) જે શખ્સ કુરઆને કરીમના ફક્ત ઝાહિર યા ફક્ત બાતિન પર અમલ કરે. ★

**મેલા કપડા પર દાગ નઝર નથી આવતા અને સફેદ ચાદર પર દાગ છુપી નથી શકતા.**

**દૌલતથી રાહતનો સામાન ખરીદી શકાય છે મગર રાહત નહીં.**

**કોઈ રિશ્તેદાર રિશ્તો તોડી નાંખે તો તમેં એને જોડવાની ફિક્ર કરો.**

## હિક્મતના લોગો વાસ્તે –::: " હકીમસાબ " ના નુસ્ખા :::–

**Bed wetting** - રાતે બિસ્તરમાં પેશાબ કરવાની બચ્ચાઓની તકલીફ.

- ★ Bed wetting તે આમ તૌર પર બચ્ચાઓમાં ઘણી વક્ત જોવા મીલે છે અને આ "તકલીફ" તો જ કહેવાય જે વક્ત કે બચ્ચાની ઉંમર "૬" વરસથી ઝિયાદહ હોય અને તે રાતે બિસ્તરમાં પેશાબ કરી દે. દિમાગમાં આવેલો "પેશાબ રોકવાનો" હિસ્સો સહી વક્ત પર પુખ્તા (develop) ન થયો હોય તો તેના સબબથી પણ આ તકલીફ થઈ શકે છે. Bed wetting ની તકલીફનો સહી તૌર પર ઈલાજ કરવો ઝરૂરી છે.
- ★ ઝિયાદહ તર Cases બચ્ચાની ઉંમર વધવાને સાથે કુદરતી તૌર પર જ આ તકલીફ દૂર થઈ જાય છે.
- ★ ૫૦% Cases માં Bed wetting નું કારણ માનસિક હોય છે, મગર આ નતીજા પર આવતા પહેલા આને લગતી બીજી તપાસો જેવી કે પેશાબની, ખુનની અને diabetes ની જાઁચ કરાવી લેવી.
- ★ ઘણી વક્ત પોતાના માઁ-બાપ તરફથી બચ્ચાને પુરું ધ્યાન અપાતું નથી જેના સબબ આ તકલીફ ઉભી થાય છે. માનસિક કારણો જેમકે, ઘરના માહૌલ યા સ્કૂલના માહૌલમાં બદલાવ, કોઈ પણ તરહનો ડર યા સદમો, ઘરના લોગોમાં યા માઁ-બાપ ને દરમિયાન પૈદા થતી ના-ઈત્તેફાકી યા તનાવ, એના નાના ભાઈ યા બહેન પર ખુસૂસી તૌર પર ધ્યાન આપવું, વગેરે થી Bed wetting ની તકલીફ થઈ શકે છે.
- ★ Bed wetting ની તકલીફ કમ કરવાને વાસ્તે હરરોઝ બચ્ચાને સૂતા પહેલા પેશાબ કરાવી દેવી. સૂતા પહેલા બચ્ચાને ઝિયાદહ પાની આપવું નહી. ઠંડીના મૌસમમાં ઘણા બચ્ચાઓ Bed wetting કરતા હોય છે તે આમ છે.
- ★ અગર Bed wetting અચાનક શુરૂ થઈ ગયું હોય કે જેની તકલીફ બચ્ચાને પહેલા નહોતી તો એવા cases માં બચ્ચાને કોઈ allergies યા food sensitivity હોઈ શકે છે.
- ★ Bed wetting ને વાસ્તે બચ્ચા પર ગુસ્સો કરવો નહી યા બીજા બચ્ચાઓની હાઝરીમાં એની આ આદત discuss કરવી નહીં. આમ કરવાથી બચ્ચામાં એહસાસે કમતરી (inferiority complex) આવે છે અને તેનો હોંસલો તૂટી જાય છે, અને માનસીક તનાવ વધી જાય છે જેને કારણે તકલીફ વધી શકે છે. માઁ-બાપને એનો હોંસલો વધારીને સમઝાવીને આ તકલીફ ને manage કરવી ઘણી ઝરૂરી છે.
- ★ અગર બચ્ચુ રાતે સૂતાની સાથે જ પેશાબ કરતું હોય અને દીવસમાં પણ ખાસવાથી યા છીકવાથી પેશાબની બૂંદો નીકલી જાતી હોય તો તેને causticum 30 ચાર ગોલી સવાર-સાંજ એક અઠવાડીયા વાસ્તે આપવી.
- ★ Equisetum 30 ચાર ગોલી સવાર-સાંજ લગભગ ૧૫ થી ૩૦ દિવસ સુધી બચ્ચાને આપવાથી Bed wetting ની તકલીફ કમ થાય છે.
- ★ અગર બચ્ચુ ખૂબ ગેહરી નીંદમાં પેશાબ કરે કે એને જગાડવું મુશ્કીલ હોય તો તેને kreosotum 30 ચાર ગોલી સવાર-સાંજ એક અઠવાડીયા વાસ્તે આપવી.
- ★ આ તમામ દવાઓ Bed wetting ની તકલીફ ને કમ કરે છે, મગર Bed wetting નો સહી ઈલાજ બચ્ચાની પૂરી history અને case લઈને અપાતી દવાથી જ મુકમ્મલ થાય છે.

આ તકલીફના સિલસિલામાં વધારે માહિતી જોઈતી હોય યા બચ્ચાને ઝાતી તૌર પર ડોક્ટરની મુલાકાત વાસ્તે લઈ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોક્ટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઈન્ટમેન્ટ લઈ શકાય છે. ★

## –::: ખુશ ખબર :::–

હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ના ફરમાને આલીને મદ્દેનઝર રાખીને હર જુમ્આના દિન સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ વાગા તક ડૉ.ઝુલકરનૈન ભાઈસાહેબ હકીમુદ્દીન (ઝા.ઈ.) વાડી, બદરી મોહલ્લામાં "રાહત દવાખાના" માં મુમેનીનના ઈલાજ-મુઆલેજા વાસ્તે હાઝિર થાશે. દિલમાં ખિદમતે કૌમનો પુખ્તા જઝબો રાખીને ડૉ.સાહેબ એમ ઈરાદો રાખે છે કે, હોમીયોપેથી ના ઝરીએ મુમેનીનના મરઝ અને જિસ્માની તકલીફોનો આસાનમાં આસાન અને બેહતર તરીકા પર ઈલાજ થાય. ★

**મુમિનને ગાલો-બદકલામી સાથે હલકા નામો લઈને ન પુકારો.**

## -::: ગુલ્શને ફિકહ :::-

- મૌલાના અલી (અ.સ.) એ ફરમાવું કે, તમારા દિકરાઓની ખતાનત કરવામાં જલ્દી કરો, કેમકે તેનાથી એમની પાકીઝગી-તહારત થાય છે. તમારી દિકરીઓ સાત સાલની થાય પછી એમની ખતાનત કરો. જેમ દિકરાની ખતના કરવામાં તાખીર કરવું મુનાસિબ નથી તેમ દિકરીની ખતના કરવામાં જલ્દી કરવું મુનાસિબ નથી.
- આપ (અ.સ.) એ ફરમાવું કે, તમારામાંથી હરએક મરદ પોતાના ચહેરાને બરાબર સઁવારે. કાનપટ્ટી પરથી બાલને સાફ કરે અને દાઢીને આસપાસ ગાલ ઉપર ફેલાયેલા બાલને પણ સાફ કરી નાંખે. **દાઢીના બાલને કંગી કરીને બરાબર સાચવે, વધવા દે** અને ગરદન પર ઉગેલા બાલને સાફ કરી નાંખે. મૂઁછના છેડાઓને વધવા દે પણ ઉપરના હોંઠ પર મૂઁછના બાલને આવવા ન દે. જમન જમતા યા પાની પીતી વક્ત મૂઁછના બાલ મોંમાં આવવા ન જોઈએ. ઉપરના હોંઠને ઉપરનો મૂઁછનો હિસ્સો કતરવો જોઈએ, તેના છેડાને લંબા થાવા દો જેથી દાઢીની ઝીનતમાં વધારો થઈ શકે. મૂઁછને પૂરી તરહ સાફ કરીને ફક્ત દાઢીને વધારવી, એ અપના અહલે બૈત (અ.સ.) ની શિક્લો સૂરતને ખિલાફ છે.
- આપ (અ.સ.) એ ફરમાવું કે, તમેં નાખૂન (નખ) ને કતરીને તમારા હાથને સાફ રાખો, તમારી દાઢી-મૂઁછને બેહતર તરીકાથી રાખો, તમારા બગલના બાલને સાફ કરવાની આદત રાખો, તમારી શરમગાહોના બાલને સાફ કરો. તમેં હરગિઝ અહલુલ કિતાબ યહૂદી-નસરાની મુજબ ન બનો. જે બાલની સફાઈ કરવાનો હુકમ છે તેને જો તમેં લંબા કરશો તો શયતાન એને પોતાના બેસવાની જગા બનાવી લે છે. આ જગાઓમાં શયતાન મસ્તૂર થઈ જાય છે, છુપી જાય છે. જે શખ્સ અલ્લાહતઆલા અને યૌમે આખિર (કયામત) માં ઈમાન રાખતો હોય, તો એને કહો કે, **પોતાની શરમગાહના બાલને ૪૦ દિવસ કરતા વધારે રહેવા ન દે.**
- આપ (અ.સ.) એ ફરમાવું કે, મૂઁછના બાલને તમારા હોંઠ ઉપર આવવા ન દો, નીચેના હોંઠ અને દાઢી દરમિયાન થુડ્ડી પર વધેલા બાલને ઉસ્તવાર કરો. બનુ ઉમય્યાના લોગો મુજબ તમેં આ બેવે જગાના બાલને વધવા ન દો.
- રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, જે શખ્સ જુમ્આના દિન પોતાના નાખૂન કતરશે તો અલ્લાહતઆલા એના આંગલાઓ માંથી બીમારીને નીકાલી દેશે અને એમાં શિફાને દાખિલ કરશે. રિઝકમાં બરકત કમ થવાનો સબબ મરદોનું નાખૂનને વધારવાનું છે. બૈરો વાસ્તે ફરમાન છે કે, તેઓ નાખૂનને લંબા રાખે કેમકે આ ચીઝ તેમની ઝીનતમાં ઈઝાફો કરે છે.
- રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમેં માથાના બાલ રાખતા હોવ તો તેને બરાબર ઝીનત આપો, સાફ-સુથરા રાખો, છુટા રાખો. ખૂબસૂરત બાલ પણ અલ્લાહતઆલા તરફથી એક ઊમદા લિબાસ છે. જે શખ્સ બાલ વધારે અને એને છુટા ન કરે, કંગી ન કરે તો અલ્લાહતઆલા રૌઝે કયામત આગના ખીલાઓથી એને અલગ-અલગ કરશે.
- આપ (અ.સ.) થી રિવાયત છે કે, જે શખ્સ પોતાના બુઢાપાના ફઝલને ઓલખશે, ઝઈફીમાં સફેદ બાલની હિકમતને જાણશે, પોતાની ઉંમરની અઝમત અને તૌકીર રાખશે તો અલ્લાહતઆલા એને કયામતના દિનના ખૌફથી અમાન આપશે. **સફેદ બાલ ખુદાતઆલાનું નૂર છે,** તમેં એને ઉખેડી ન નાખો. ★

## -::: રોઝે કયામત અને સવાલ :::-

ઈમામે પાક (અ.સ.) ફરમાવે છે કે, રોઝે કયામત, બંદાનો કદમ સાબિત રહેશે યહાઁ તક કે, અલ્લાહતઆલા એને ચાર ચીઝોનો સવાલ કરશે : (૧) એની ઉંમરનો, કે તેએ એના દિનો કઈ તરહ ગુઝારા (૨) એના જિસ્મનો, કે તેએ અલ્લાહની રાહમાં કેટલી મહેનત ઉઠાવી. (૩) એના માલનો, કે તેએ માલને ક્યાં ક્યાં ખર્ચ કીધો. (૪) એના દિલમાં હમારી મોહબ્બતનો સવાલ થાશે.

ઈન્સાનની ઉંમરના દિનોને ખર્ચ કરવું અલ્લાહની ઈબાદતમાં વક્ત ને ખર્ચ કરવા તરફ ઈશારો છે. જિસ્મને

*(બકીયાહ પેજ નં. ૧૧ પર)*

**સાચી વાતને ઝાહિર કરવી એ પણ એક તરહની જેહાદ છે.**

## -::: તસ્હીલુન નિસ્બત :::-
## નિસ્બતને સહેલ કરવાની તદબીર

**દિકરાઓ :**

(૧) ઉંમર : ૨૯ સાલ
ભણતર : S.Y.B.com.
કામકાજ : નોકરી, સિલવસ્સા (વાપી)
તજવીઝ : તેહઝીબવાલી, ઘરકામ શીખેલી ભણેલી દિકરીનો રિશ્તો જોઈએ છે.
ફોન : ૨૫૧૫૫૮૯.

---

(૨) ઉંમર : ૨૫ સાલ
ભણતર : ૧૨ ધોરણ પાસ
કામકાજ : વાઘોડીયા GIDC માં નોકરી
પગાર : રૂા. ૭૦૦૦/-
તજવીઝ : ઉમ્દા અખ્લાકની દિકરીનો રિશ્તો જોઈએ છે.
ફોન : ૨૫૮૦૨૭૭.

---

(૩) નામ : બદરૂદ્દીન આશિકઅલી સૂરતી
ઉંમર : ૩૬ સાલ
ભણતર : SSC
કામકાજ : વડુવાલા હોસ્પિટલ
પગાર : રૂા. ૩૦૦૦/-
તજવીઝ : નૈક અને સાદી તબીઅત દિકરીનો રિશ્તો જોઈએ છે.
ફોન : ૯૮૨૪૪૧૮૬૧૩.

---

**દિકરીઓ :**

(૧) ઉંમર : ૨૪ સાલ
ભણતર : B.Sc. (home), Diploma in Interior Decoration.
કામકાજ : આર્કીટેક્ટની ફર્મમાં મુલાઝેમત છે.
તજવીઝ : ગ્રેજ્યુએટ બીઝનેસ કરતો હોનહાર દિકરાનો રિશ્તો જોઈએ છે.
ફોન : ૨૫૧૫૫૮૯.

---

(૨) ઉંમર : ૨૬ સાલ
ભણતર : M.com., હોટલ મેનેજમેન્ટમાં સર્ટી. કોર્સ.
કામકાજ : સેલ્સ એક્ઝેક્યૂટીવની મુલાઝેમત છે.
તજવીઝ : ઉમ્દા અખ્લાકના દિકરાનો રિશ્તો જોઈએ છે.
ફોન : ૨૫૬૦૨૩૧

---

ઉપર આપવામાં આવેલી વિગતો હમને અરઝદારે આપેલી છે. મુમેનીન કોઈ પણ અરઝદારને સાથે વાત કરતા પહેલા જો એની પહેચાન જાણવા માંગતા હોય તો હમારા ફોન નં.: ૦૨૬૫-૨૫૮૦૨૭૭ (ભાઈસાહેબ કમ્બરઅલી) પર બપોરે ૩:૩૦ થી ૪:૩૦ તક જાણી શકશે. મુમેનીન અરઝદારને એના આપેલા ફોન પર ઝાતી કોન્ટેક્ટ પણ કરી શકે છે. રિશ્તો કરવા વાસ્તે કોઈ પણ નતીજા પર આવતા પહેલા મુમેનીનને અરઝદારની વિગતની તેહકીકાત ઝાતી તૌર પર કરવાની રહેશે.

આ કોલમમાં નિસ્બત વાસ્તે અરઝ આપવી હોય તો રૂબરૂમાં લેખિતમાં હમારૂં ફોર્મ ભરીને ભાઈસાહેબ કમ્બરઅલી ભાઈ (ન્યૂ ઓપ્ટીક હાઉસ, ચોખંડી) ને આપવાની રહેશે. અરઝદાર જો પોતાની અરઝને નામ સાથે છાપવા માંગતા હોય તો એ પણ હમેં કુબૂલ કરીશું. વડોદરાથી બાહર રહેતા મુમેનીન પોતાના રિશ્તેદારો ના ઝરીએ અરઝ આપી શકે છે. અરઝ આપવાનો હદીયો રૂા.૫૦/- મુકર્રર કરવામાં આવો છે. મહીનાની ૧૦ તારીખ પહેલા અરઝ મોકલવા મુમેનીનને દિલી ગુઝારિશ કરવામાં આવે છે. ★

---

*(પેજ નં. ૧૦ નું બાકી)* ***રોઝે કયામત....***

મશક્કત આપવી તેની તાકત મુજબ હાથથી, નફસથી, ઝબાનથી અને બીજા અંગોથી જેહાદ કરવા તરફ ઈશારો છે. હદીસે શરીફમાં છે કે, બેશક જન્નતમાં એવું એક ઠેકાણું છે કે જહાઁ કોઈ પણ પહોંચી શકતો નથી, મગર તેના બદનથી અલ્લાહની રાહમાં મહેનત અને મશક્કત કરનારો. માલને ખર્ચ કરવાની માઅના ઝાહેરી તૌર પર દાઈયુઝઝમાનને ઝકાતુલ માલ અને મખ્ફી તૌર પર સદકા તથા ખૈરાતની છે. અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બત વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને પૂછવામાં આવું કે, યા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), એની અલામત-નિશાની શું છે ? તો આપે મૌલાના અલી (અ.સ.) ના માથા મુબારક ઉપર હાથ મુકો અને પૂછનારનો સવાલ હલ થઈ ગયો. ★

**ઈલ્મનો દોસ્ત ભલા લોગોની સોહબત છે.**

(પેજ નં. ૭ નું બાકી)　　***મદીનતુલ મસાઈલ....***

મૌ.હસન (અ.સ.) ની ઝિયારત કીધી અને કબરે મુબારકથી લીપટીને ખૂબ રોયા. આપની શહાદત પછી ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) અહલે હરમ સાથે કરબલાએ મોઅલ્લા પધારા અને બાવાજી સાહબની ઝિયારતની બરકત હાસિલ કીધી. મૌ.જાબિર બિન અબ્દિલ્લાહિલ અન્સારી (રિ.અ.) તે વક્ત તુરબતે તાહેરા નઝદીક મૌજૂદ હતા અને ઝિયારત કરીને ફરમાવું કે, **"રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો કૌલે મુબારક હતો કે, ઇમામ હુસૈન (અ.સ.) ની ઝિયારત કરવામાં ૧૦૦ હજ્જનો સવાબ છે."**

કબર, આખેરતના સફરની પહેલી મંઝિલ છે અને મોહિબ્બાને અહલે બૈત (અ.સ.) વાસ્તે **કબરનો ગોશો જ એક જન્નત મુજબ છે.** હવે શું કોઈ એમ ચાહે કે, જન્નતના લોગોની ઝિયારત ન કરે ? હરગિઝ નહીં. અલ્લાહતઆલાએ જે લોગોની કિસ્મત બીગાડેલી છે, નસીબ ફોડેલા છે તેઓને ઝિયારતે કબર કરવાનો અહલે બૈત (અ.સ.) નો આ તરીકો કઈ તરહ નસીબ થાય ? તેઓ ના દિલો ઈમામે આલે મોહંમદની મોહબ્બતના નૂરથી ખાલી હોય તો કબરની ઝિયારતની એહમીયતને કેમ પહેચાની શકે ! દુનિયામાં તેઓની આઁખો હોવા છતા આંધલા છે અને આખેરતમાં તેઓની આના કરતા બદતર હાલત હશે. હમેં અલ્લાહતઆલાનો હઝાર-હઝાર શુક્ર અદા કરીએ કે, હમને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપની આલે અત્હર (અ.સ.) ના દીનનો અને આપની માઅરેફત અને સુન્નતના નૂરનો શરફ મીલેલો છે જેના સબબ કબરમાં જ હમને આખેરતની નેઅમતો હાસિલ થાનારી છે. ★

## -::: મૌલાના અલી (અ.સ.) ના કલામ :::-

- ઝાલિમની ત્રણ નિશાની છે : (૧) તે પોતાના માલિકની નાફરમાની કરીને તેના પર ઝુલ્મ કરે છે. (૨) તે પોતાના ઝેરે દસ્ત લોકો પર ગલબો કરીને તેના પર ઝુલ્મ કરે છે. (૩) તે સિતમગારોને મદદ કરીને ઝુલ્મ કરે છે.
- આપ મૌલા (અ.સ.) એ ફરમાવું કે, જ્યારે તમને કોઈ હાજત ખુદાથી તલબ કરવી હોય તો તેને પહેલા નબીએ કરીમ (સ.અ.વ.વ.) પર સલવાત પઢવી જોઈએ, કેમ કે ખુદાના ઈન્સાફમાં એ નથી કે તેના નઝદીક બે હાજત રજૂઅ થાય તેમાંથી એક કુબૂલ કરે અને બીજી ન કરે.
- ઈલ્મ અને અમલ બંને નઝદીક-નઝદીક (કરીબ-કરીબ) છે જેની પાસે ઈલ્મ છે તે અમલ પણ કરે છે. ઈલ્મ હમેશા અમલને આવાઝ દે છે. જો તમે તેની આવાઝ સાંભલો તો ઠીક છે નહીં તો ઈલ્મ આગલ નીકલી જ જાશે. ★

## -::: ઝિંદગીમાં ઉતારવા જેવું :::-

✷ એક ખૂબ પ્યારો લફઝ - **"આપણે"**.
✷ બે ખૂબ ઈખ્લાસભરા લફઝો -
**"તમારો શુક્રિયા"**.
✷ ત્રણ ખૂબ મનગમતા લફઝો -
**"તમને ગમે તો ..."**
✷ ચાર ખૂબ ઈઝઝતભરા લફઝો -
**"તમારો મશવરો શું છે ?"**
✷ પાઁચ ખૂબ તાઅરીફભરા લફઝો -
**"તમેં ખૂબ સારૂં કામ કીધું"**.
✷ છ ખૂબ આજેઝાના લફઝો -
**"હું દિલગીર છું, મેં ભૂલ કરી"**. ★

**ત્રણ ચીઝો નીકલી જાવા બાદ પલટી શકતી નથી : (૧) વક્ત (૨) કલામ (૩) રૂહ**

<u>સાલાના લવાઝેમાત</u> (<u>Yearly Subscription</u>)
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
ખિદમતગુઝાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૮૨૦૮૩૮૮૨૪. ★